# ઈસ્લામ
## સંક્ષિપ્ત પરિચય

**એક માત્ર અને સર્વશક્તિમાન ઈશ્વરની ઈચ્છાને સમર્પિત થવું.**



ઈસ્લામની મૂળભૂત શિક્ષાને જાણો...

પરમસત્યને ઓળખો
હૃદયના દ્વાર ખોલો

મુસ્લિમના જીવનનો પાયો

# બંદગી (ઉપાસના)ના પાંચ સ્તંભો

## ૧. ઈમાન (આસ્થા)ની ઘોષણા

**આસ્થા કે ઈમાનની ઘોષણાનો અર્થ એ વાતની સાક્ષી આપવી છે કે એક માત્ર ઈશ્વર સિવાય કોઈ ઉપાસનાને લાયક નથી અને મુહમ્મદ તેના સંદેશવાહક છે.** આ મૌખિક રૂપે બોલવું અનિવાર્ય છે અને હૃદયમાં પણ તેનો નિષ્ઠાપૂર્ણ અને દૃઢ વિશ્વાસ હોવો જોઈએ. આ ઘોષણાની સાથે એક વ્યક્તિ મુસ્લિમ બનવા માટે તમામ જૂઠાં ખુદાઓનો અને ઉપાસ્યોનો ઈન્કાર કરે છે અને અલ્લાહ (ઈશ્વર)ને જ એક માત્ર પૂજા-ઉપાસનાને લાયક સમજે છે અને તેના ઈશદૂતને માને છે.

## ૨. પાંચ સમયની દૈનિક નમાઝો

**પાંચ દૈનિક નમાઝ એ ઈસ્લામનો બીજો સ્તંભ છે.** નમાઝ એક મુસ્લિમને વ્યક્તિગત અને આધ્યાત્મિક રૂપે પોતાના સર્જનહાર સાથે જોડે છે, અને પોતે ઈશ્વરને સમર્પિત અને આજ્ઞાંકિત હોવાના કર્તવ્યનું તેને સ્મરણ કરાવે છે. તેનો સમય પ્રાતઃકાળે, બપોરે, સાંજે, સૂર્યાસ્ત વખતે અને રાત્રે નિર્ધારિત છે. પ્રત્યેક નમાઝને પૂરી કરવામાં થોડીક જ મિનિટ લાગે છે, અને જેમાં કુર્આનનું પઠન, દુઆ અને પ્રાર્થના તથા ઈશ્વરની સ્તુતિ-પ્રશંસા અને વિવિધ શારીરિક આસનો કરવામાં આવે છે. નમાઝ ની તૈયારીમાં આધ્યાત્મિક અને શારીરિક પવિત્રતાને સુનિશ્ચિત કરવા માટે એક મુસ્લિમ પોતાના શરીરના ચોક્કસ ભાગોને સારી રીતે ધુએ છે; જેમકે ચહેરો, હાથ અને પગ.

## ૩. વાર્ષિક દાન (ઝકાત)

**વાર્ષિક ધર્મ-દાન એ પ્રત્યેક મુસ્લિમ ઉપર અનિવાર્ય છે, જે નિશ્ચિત ધોરણ પૂરા કરતો હોય :** જેમકે કોઈ વ્યક્તિ પાસે નિર્ધારિત સીમાથી વધારે સંપત્તિ હોય. વાર્ષિક સંપત્તિના કેવળ ૨.૫% ભાગ એ લોકોને દાન કરવામાં આવે છે, જેઓ તેને સ્વીકારવાને લાયક હોય; જેમકે ગરીબ, જરૂરતમંદ, મુસાફરો વગેરે. આ ધર્મ-દાનથી વ્યક્તિની ધન-સંપત્તિ અને હૃદય બંને પવિત્ર અને શુદ્ધ થાય છે, અને તેનાથી આપનાર અને લેનાર બંને લાભાન્વિત થાય છે. એક લાભ એ છે કે તેનાથી ધનવાન અને ગરીબ વચ્ચેનું અંતર ઘટે છે, અને એ વાત સુનિશ્ચિત થાય છે કે દરેકને તેની પ્રાથમિક જરૂરતો મળી રહે છે.

## ૪. ઉપવાસ (રોઝા)

**રમઝાન એ ઈસ્લામી કેલેન્ડર મુજબ નવમો મહિનો છે.**

**પ્રત્યેક વર્ષે રમઝાન માસમાં મુસલમાનો પરોઢથી સૂર્યાસ્ત સુધી ઉપવાસ રાખે છે, જેને રોઝા કહે છે. રોઝામાં તેઓ અન્ન, પ્રવાહી અને જાતીય સંબંધોથી દૂર રહે છે.** તેનાથી તેમની આધ્યાત્મિક શુદ્ધિ, શાંતિ અને આત્મ-સંયમ કેળવાય છે, અને અન્ય ઘણાં સ્વાસ્થ્ય સંબંધિત ફાયદાઓ થાય છે. રોઝા પ્રત્યેક શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ પુખ્ત મુસ્લિમ ઉપર અનિવાર્ય છે. બાળકો, બીમાર, માનસિક અસ્વસ્થ, વૃદ્ધ, માસિક ધર્મવાળી મહિલા અને મુસાફરોને રોઝાથી મુક્તિ આપવામાં આવી છે. જો રોઝાથી ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓને અથવા તેના બાળકને હાનિની આશંકા હોય તો તેમને પણ રોઝાથી મુક્તિ આપવામાં આવી છે.

## ૫. હજ્જ-યાત્રા

**બધા યાત્રાળુઓ હજ દરમિયાન સાદા અને સમાન કપડા પહેરે છે. જે તેમની જ્ઞાતિ અને સંસ્કૃતિની ભિન્નતાને દુર કરી ઈશ્વરની સામે એક સમાન રીતે રજૂ થાય છે.**

સાઉદી અરેબિયામાં આવેલ પવિત્ર શહેરો, મક્કા અને મદીનાની યાત્રા કરવી, જેને હજ્જ કહેવામાં આવે છે, એ એવા દરેક મુસ્લિમ માટે જીવનમાં એક વાર અનિવાર્ય છે, જે શારીરિક અને આર્થિક રીતે સંપન્ન હોય. હજ્જ ઈસ્લામી કેલેન્ડર વર્ષના ૧૨ મા મહિનામાં આવે છે. હજ્જમાં પ્રત્યેક રંગ અને વર્ણ, જાતિ, દેશ અને દરજ્જા અને ઉંમરના લોકો એકીકૃત થઈને એક સાચા ઈશ્વરની ઉપાસના કરે છે. આ મહાન યાત્રાના ઘણાં અંગભૂત ઘટકો છે; જેમકે ત્યાગ અને બલિદાન, વિભિન્ન સ્થળોનો પ્રવાસ તથા પ્રાર્થના અને બંદગી. આ એવો અનુભવ છે જેનાથી વ્યક્તિના જીવનમાં ચેતના અને વિનમ્રતા ઉત્પન્ન થાય છે તથા તેને વધુ શાંત, ધૈર્યવાન અને કૃતજ્ઞ બનાવે છે. તેને એ અહેસાસ થાય છે કે જીવનમાં મળેલ તમામ વસ્તુઓ વાસ્તવમાં એ ઈશ્વરનું પ્રદાન છે.

# ઈબાદત (ઉપાસના)ની ધારણા

ઈસ્લામની ઉપાસનાની કલ્પના ઉપર દર્શાવેલ વિધિઓ સુધી સીમિત નથી, બલ્કે ઈસ્લામમાં ઉપાસના એક વ્યાપક કલ્પના છે. તદનુસાર, શુદ્ધ ઈરાદાથી અને ઈશ્વરે દર્શાવેલ માર્ગદર્શન અનુસાર કરવામાં આવેલ પ્રત્યેક કાર્યનો સમાવેશ ઉપાસનામાં થાય છે; જેમકે સ્મિત કરવું, પાડોસીઓ સાથે સદ્‌વર્તન, કોઈ પરિવારને મદદ કરવી, પ્રમાણિકતા વગેરે, ઉપરાંત રસ્તામાં નડતરરૂપ વસ્તુને દૂર કરવી પણ ઉપાસના છે. ધ્યાનમાં રહે કે ઈશ્વરને કોઈની ઉપાસના કે ભક્તિની આવશ્યકતા નથી, વાસ્તવમાં આપણને તેની જરૂરત છે, અને આપણી ઉપાસના અને ભક્તિ આપણાં જ લાભ માટે છે.

# સમાપન

ઉપર દર્શાવેલ ઈમાન (આસ્થા) અને ઈબાદત (ઉપાસના)નો દૃષ્ટિકોણ ઈસ્લામનો સાર છે. જ્યારે તેના ઉપર અમલ કરવામાં આવશે, તો તેનાથી આધ્યાત્મિક, શારીરિક, વૈચારિક અને માનસિક અને સામાજિક આવશ્યકતાઓની પૂર્તિ નિશ્ચિત રૂપે થશે. ઈસ્લામ જીવનનો તદન વ્યવહારિક અને તાર્કિક માર્ગ છે. તદુપરાંત, આ જ એક માત્ર માર્ગ છે, જેને સર્વશક્તિશાળી ઈશ્વરે પસંદ કર્યો છે, અને આ જ એક માત્ર માર્ગ છે જે સ્વર્ગ તરફ લઈ જાય છે.

"હે મનુષ્ય ! કઈ વસ્તુએ તને પોતાના પરમ્ કૃપાળુ પ્રભુ વિશે ધોખામાં નાખી રાખ્યો છે ? જેણે તને તારું રૂપ આપ્યું, તને નખશિખથી દુરસ્ત બનાવ્યો, અને તને સંતુલન પ્રદાન કર્યું. જે રૂપમાં ઈચ્છ્યો તેણે તને જોડીને તૈયાર કર્યો. કદાપિ નહીં, બલ્કે તમે બદલાના દિવસ (ન્યાયના દિવસ)ને ખોટો ઠેરવો છો.' (કુર્આન, ૮૨:૬-૯)

ઈસ્લામી સાહિત્ય એકેડેમી (ગુજરાત)
૨, ગ્રાઉન્ડ ફ્લોર, જુમસન ચેમ્બર્સ, અરબ મસ્જિદ પાછળ,
પથ્થર કુવા પેટ્રોલ પંપ સામે, રીલીફ રોડ, અહમદઆબાદ - ૩૮૦૦૦૧
ફોન : ૦૭૯ - ૨૫૫૦૯૯૬૩ મો. : ૯૩૭૭ ૧૧૧ ૦૩૩
website : www.islamisahitya.com / email : islamisahitya@gmail.com
આ પેમ્પલેટ અંગ્રેજીમાં www.iisna.com/pamphlets/ પર મળશે.

# થોડુંક **ઇસ્લામ** વિશે...

**મુસલમાનો આજે વિશ્વની કુલ વસ્તીનો પાંચમો ભાગ છે. તે જોતાં ઇસ્લામ જગતના મોટા ધર્મોમાંનો એક છે. એક સાચા ઈશ્વરને માનવું અને તેની ઉપાસના કરવી એ ઇસ્લામનો પાયો અને જીવનનો ઉદ્દેશ્ય છે.**

અરબી ભાષાના શબ્દ 'ઇસ્લામ' નો પારિભાષિક અર્થ એક માત્ર સાચા ઈશ્વર (અલ્લાહ)ને 'સમર્પણ' થાય છે. આલોક અને પરલોકમાં સફળતા કેવળ ઇસ્લામ દ્વારા જ મળી શકે છે, જેને ઈશ્વરે પસંદ કર્યો છે. બીજા કેટલાક ધર્મોની જેમ ઇસ્લામનું નામ કોઈ વ્યક્તિ કે જાતિ ઉપરથી લેવામાં આવ્યું નથી. કોઈપણ વ્યક્તિ સ્વેચ્છાએ પોતાની મરજીને ઈશ્વરને સમર્પિત કરી દે તેને 'મુસ્લિમ' કહેવાય છે, ચાહે પછી તે ગમે તે જાતિ, કુળ, વંશ, ભાષા કે પ્રદેશની પૃષ્ઠભૂમિ ધરાવતો હોય.

આમતો, આ સંક્ષિપ્ત પેમ્ફલેટમાં ઇસ્લામની બધી વાતોનો સમાવેશ કરવો અસંભવ છે. તમામ જાતિઓ અને દેશોના લોકો વચ્ચે ભાઈચારા અને બંધુત્વની ભાવના, તેની વ્યવસ્થામાં પરિવાર અને સમાજનું મહત્ત્વ, તેના સંદેશની સાર્વભૌમિકતા તથા તમામ દેશો અને દરેક સમયે તેની વ્યવહારૂતા અને ઔચિત્યને જોતાં ઇસ્લામ એક સંપૂર્ણ જીવન-વ્યવસ્થા છે. જો કે આ પેમ્ફલેટમાં ઇસ્લામની મુખ્ય છ આસ્થાઓ તથા ઉપાસનાના પાંચ આચારો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**'અલ્લાહ' એક સાચા ઈશ્વરનું વ્યક્તિવાચક નામ છે**

## **ઈમાન** (**આસ્થા**)ના છ સ્તંભો

### ૧. **અલ્લાહ** પર આસ્થા

''અલ્લાહ'' એક અદ્વિતીય અરબી નામ છે એક માત્ર સાચા ઈશ્વરનું, જે એક માત્ર પૂજા, ભક્તિ અને ઉપાસનાને લાયક છે, તેનો કોઈ શત્રુ નથી, તેના સમાન કે સમકક્ષ કોઈ નથી અને તેનો કોઈ ભાગીદાર નથી. અલ્લાહ (ઈશ્વર) કોઈનો સર્જિત નથી, એ જ રીતે તેની તત્ત્વદર્શિતા, તેના ગુણો અને વિશેષતાઓમાં તેનો કોઈ ભાગીદાર કે સમકક્ષ નથી : જેમકે તે સર્જનહાર છે, તે પાલનહાર છે, તે પરમ્ કૃપાળુ છે, તે સર્વશક્તિમાન છે, તે પરમ્ ન્યાયી છે, તે અત્યંત તત્ત્વદર્શી છે અને તે સર્વજ્ઞાની છે.

ઈશ્વરની સત્તા અને તેના કાર્યોમાં તેનો કોઈ ભાગીદાર નથી. સમસ્ત સૃષ્ટિ કેવળ ઈશ્વરની એક જ આજ્ઞાથી અસ્તિત્વમાં આવી છે, તે જ તેનું સંચાલન કરે છે અને તેના જ અંકુશમાં તે છે. એક માત્ર સર્વોપરી સિવાય કોઈ અન્ય દ્વારા આવું જટિલ અને સંતુલિત નિર્માણ અસંભવ છે. તેથી એ વાત તદન અતાર્કિક છે કે આ સૃષ્ટિની ઉત્પત્તિ આપમેળે થઈ ગઈ છે, અથવા કોઈ હેતુ કે ઉદ્દેશ્ય વિના તેનું સર્જન થયું છે કે પછી તે આકસ્મિક ઘટનાઓનું પરિણામ છે.

### ૨. **દેવદૂતો (Angels)** પર આસ્થા

અલ્લાહે (ઈશ્વરે) પ્રકાશથી દેવદૂતો (ફરિશ્તાઓ)નું સર્જન કર્યું, જેઓ કદાપિ તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરતા નથી. કેટલાક દેવદૂતોની વિગતો આપણને ઈશ્વરે આપી છે, જેમકે જિબ્રઈલ (Gabriel) જે ઈશદૂતો ઉપર ઈશ્વરનો સંદેશ લઈને આવે છે, અને ઇઝરાઈલ (Azrael) જે મનુષ્યોના પ્રાણ લેવાનું કાર્ય કરે છે.

### 3. **આકાશી ગ્રંથો** પર આસ્થા

માનવતાના માર્ગદર્શન અને કૃપા રૂપે ઈશ્વરે પોતાના સંદેષ્ટાઓ ઉપર દિવ્ય ગ્રંથો અવતિરત કર્યા. જેમાં હઝરત મૂસા અને હઝરત ઈસા ઉપર અવતરિત કરવામાં આવેલ અનુક્રમે તૌરાત અને ઇંજીલનો સમાવેશ થાય છે, એ જ પ્રમાણે કુર્આન હઝરત મુહમ્મદ (અલ્લાહ તેમના ઉપર શાંતિ અને સલામતીની વર્ષા કરે) ઉપર અવતરિત કરવામાં આવ્યો. કુર્આન સિવાય, આજે આ ગ્રંથો તેના મૂળ સ્વરૂપે નથી રહ્યા. તે બધાને વિકૃત કરી નાખવામાં આવ્યા છે, ફેરફાર કરી નાખવામાં આવ્યા છે અથવા નાશ પામ્યા છે. કુર્આન અક્ષરસઃ ઈશવાણી છે અને સમગ્ર માનવતા માટે ઈશ્વરનો અંતિમદિવ્ય ગ્રંથ છે. કુર્આન અને ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.)ના કથનો અને આચરણ એ ઇસ્લામી જ્ઞાનનો પ્રાથમિક સ્રોત છે.

**કુર્આનનો એક અનોખો ચમત્કાર એ છે કે તે કોઈપણ પ્રકારના વિરોધાભાસ કે ભૂલ વગરનો ગ્રંથ છે.**

### ૪. **ઈશદૂતો** પર આસ્થા

પોતાના સંદેશને માનવતા સુધી પહોંચાડવા માટે અલ્લાહે (ઈશ્વરે) પ્રત્યેક કોમમાં ઓછામાં ઓછા એક એમ હજારો ઈશદૂતો મોકલ્યા. આ ઈશદૂતોમાં આદમ(Adam), નૂહ (Noah), ઇબ્રાહીમ (Abraham), દાઊદ (David), યૂસુફ (Joseph), યાકૂબ (Jacob), મૂસા (Moses), ઈસા (Jesus) અને મુહમ્મદ (અલ્લાહ આ બધા ઉપર શાંતિ અને સલામતીની વર્ષા કરે)નો સમાવેશ થાય છે. તેમનું કર્તવ્ય એ હતું કે લોકોને એક સાચા ઈશ્વરની ભક્તિ અને ઉપાસના તરફ પાછા વાળવામાં આવે, ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કેવી રીતે કરવું તેનું લોકો સમક્ષ વ્યવહારૂ દૃષ્ટાંત પૂરું પાડે તથા મુક્તિ અને સફળતાના માર્ગ તરફ લોકોનું માર્ગદર્શન કરે. મનુષ્યોને ઈશદૂતોની પૂજા-ઉપાસના કે ભક્તિ અને ઈશ્વરના મધ્યસ્થિના રૂપમાં તેમનો ઉપયોગ કરવાની મનાઈ કરવામાં આવી છે. આ કૃત્યને એક માત્ર ઈશ્વરની જ ઉપાસના કરવાના અધિકારનું ઉલ્લંઘન ગણાય છે.

**ઈશદૂતો ઈશ્વરની દિવ્યતામાં સહેજ પણ ભાગીદાર નથી.**

#### – ઈશદૂત **ઈસા** (Jesus)

મુસ્લિમો માને છે કે ઈસા અલ્લાહના પ્રતિષ્ઠિત ઈશદૂત હતા. હઝરત ઈસાનો જન્મ તેમની કુંવારી માતા મરયમ(Mary)ની કૂખે ચમત્કારિક રીતે થયો હતો. તેમણે ઈશ્વરની આજ્ઞાને આધીન ઘણાં ચમત્કારો પ્રદર્શિત કર્યા હતા : જેમકે બીમારોને સાજા કરવા, આંધળાઓને દેખતા કરવા અને નવજાત શિશુના રૂપમાં આરોપો સામે પોતાની માતાની રક્ષા કરવી વગેરે. મુસ્લિમો ઈસાનો ખૂબ આદર અને તેમને ઊંડો પ્રેમકરે છે, તેઓ તેમની પૂજા કે બંદગી નથી કરતા. તેમને ઈશ્વરના પુત્ર પણ નથી માનતા, ન તેમને ત્રિત્વ (Trinity)નો એક ભાગ સમજે છે અને ન તો ઈશ્વરના સંપૂર્ણ ગુણોમાં તેમની કોઈ ભાગીદારી હોવાનું માને છે.

અલ્લાહ કહે છે : ''અલ્લાહ એવો નથી કે તે કોઈને પોતાનો પુત્ર બનાવે. તે મહાન અને ઉચ્ચ છે. જ્યારે તે કોઈ વસ્તુનો નિર્ણય કરે છે તો બસ, તેને કહી દે છે : થઈ જા ! તો તે થઈ જાય છે.'' (કુર્આન, ૧૯:૩૫)

#### – ઈશદૂત **મુહમ્મદ** (સલ્લ.)

મુહમ્મદ (સલ્લ.) અંતિમ ઈશદૂત છે, જેમને સમગ્ર માનવતા માટે મોકલવામાં આવ્યા. તેઓ કુર્આન લઈને આવ્યા, એ દર્શાવવા માટે કે તેની શિક્ષાઓને જીવનમાં કેવી રીતે લાગુ કરી શકાય. તેઓ એક પ્રમાણિક, ન્યાયી, દયાળુ, પ્રેમાળ, સત્યનિષ્ઠ અને બહાદુર માણસના આદર્શ ઉદાહરણ હતા.

પયગંબર મુહમ્મદે ફરમાવ્યું :

''મને હદથી આગળ ન વધારો, જેમકે ખ્રિસ્તીઓએ ઇબ્ને મરયમ(ઈસા)ને હદથી વધારી દીધા. હું તો બસ અલ્લાહ (ઈશ્વર)નો ભક્ત અને તેનો સંદેશવાહક છું, તેથી મને અલ્લાહ (ઈશ્વર)નો બંદો અને તેનો રસૂલ (ઈશદૂત) કહેવાનું રાખો.'' (બુખારી, મુસ્લિમ)

### ૫. **ન્યાયના દિવસ** પર આસ્થા

ન્યાયનો દિવસ એ ઘટના છે, જ્યારે દરેક મનુષ્ય પોતાના સર્જનહાર સમક્ષ ઊભો હશે અને તેણે કરેલાં સારા અને ખરાબ કાર્યો વિશે તેનાથી પૂછપરછ થશે. દરેકના કર્મો તેનાં કદને ધ્યાનમાં રાખ્યા વગર તાદૃશ દેખાડવામાં આવશે, અને તદનુસાર દરેકનો ન્યાય થશે.

આ મહત્ત્વના દિવસે, ઈશ્વર, પરમ્ ન્યાયી, તમામ મામલાઓનો ન્યાયીક રીતે નિર્ણય કરશે, ઇનામના રૂપમાં સ્વર્ગનો કે પછી સજાના રૂપમાં નર્કનો.

**ન્યાના દિવસ વિના જીવન એકંદરે ગેરવાજબી છે. કારણકે દરેક વ્યક્તિને આ દુનિયામાં પુરતો ન્યાય મળતો નથી.**

### ૬. **ભાગ્ય અને નિયતિ** પર આસ્થા

અલ્લાહ (ઈશ્વર) ભૂતકાળને, વર્તમાનને અને ભવિષ્યમાં જે કંઈ થવાનું છે તે બધું જ જાણે છે.

દરેક વ્યક્તિને સારું અને ખરાબ, સાચું અને ખોટું, સત્ય અને અસત્ય બેમાંથી ગમે તે પસંદ કરવાની સ્વતંત્રતા પ્રદાન કરવામાં આવી છે, અને તદનુસાર તેનો હિસાબ લેવામાં આવશે. જો કે આમાંથી એ લોકોને મુક્તિ આપવામાં આવી છે, જેઓ પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરી શકતા નથી; જેમકે ગંભીર રૂપે માનસિક અને બૌદ્ધિક અસમર્થ વ્યક્તિ.

સ્વતંત્રતા એ હકીકતથી વિસંગત નથી કે ઘટનાઓ કેવળ અલ્લાહના જ્ઞાન અને તેની અનુમતિની સાથે જ ઘટી શકે છે, ન તેનો અર્થ એ છે કે ઈશ્વરનું દરેક વસ્તુ ઉપર સામર્થ્ય લોકોની સ્વતંત્રતા અને મરજીને અવરોધે છે કે નિયંત્રિત કરે છે. લોકોના નિર્ણયોની ઈશ્વરને જાણ હોવાનો અર્થ એ નથી કે તેમને આવા નિર્ણયો કરવાનું દબાણ કરવામાં આવ્યું છે, અને જરૂરી નથી કે ઈશ્વર એ દરેક કાર્યથી ખુશ છે, જેને કરવાની તેણે અનુમતિ આપી છે.

**ઈશ્વર દરેક વસ્તુ પર સામર્થ્ય ધરાવે છે - કંઈપણ તેના જ્ઞાન અને પરવાનગી વિના ઘટી શકતું નથી.**